Gujarati/ગુજરાતી

सत्यमेव जयते

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦

## શિક્ષણ મંત્રાલય

## ભારત સરકાર

- શિક્ષણ પ્રણાલીની નિષ્ઠા, પારદર્શિતા અને સંસાધન કાર્ય ક્ષમતાઓનું અન્વેષણ અને સાર્વજનિક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે એક સરળ છતાં ચુસ્ત નિયમન માળખું રચવું. સાથેસાથે સ્વાયત્તતા, સારું પ્રશાસન અને સશક્તિકરણના માધ્યમથી નવા વિચાર અને ધરેડ બહારના વિચારોને પ્રોત્સાહિત કરવા;
- ગુણવત્તા પૂર્ણ શિક્ષણ અને વિકાસ માટે ઉત્કૃષ્ટ કક્ષાના સંશોધન;
- સાતત્યપૂર્ણ સંશોધન અને નિયમિત પરીક્ષણ આધારિત પ્રગતિની શિક્ષણ ક્ષેત્રના તજ્જ્ઞો દ્વારા સતત સમીક્ષા;
- ભારતના સમૃદ્ધ, વૈવિધ્યસભર, પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિ અને જ્ઞાન રીતરિવાજો તેમજ પરંપરાઓ પ્રત્યે ગર્વ અને ઘનિષ્ઠતા;
- શિક્ષણ એક જાહેર સેવા છે; ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવુ એ દરેક બાળકનો મૂળભતૂ અધિકાર છે;
- સબળ અને ઊર્જાવાન જાહેર શિક્ષણ વ્યવસ્થા માં મૂડીરોકાણ માટે સેવાભાવી ખાનગી એકમો અને સમુદાયિક સહભાગીતાને પ્રોત્સાહન અને સુવિધાઓ આપવી.

## આ શિક્ષણ નીતિ નું દર્શન

રાષ્ટ્રીય શિક્ષણ નીતિનુ એવુ દર્શન છે કે શિક્ષણ વ્યવસ્થા ના પાયામાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યો હોય, જે તમામ નાગરિકો ને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડી શકે, ભારતને વિશ્વની જ્ઞાન મહાશક્તિ બનાવીને ભારતને એક જીવંત અને ન્યાયી જ્ઞાનાર્જિત સમાજમાં પરિવર્તિત કરવામાં પ્રત્યક્ષ યોગદાન આપવું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સુનિશ્ચિત કરવા માગે છે કે આપણી શિક્ષણ સંસ્થાઓના અભ્યાસક્રમ અને શિક્ષણ પદ્ધતિઓ દેશના વિદ્યાર્થીઓમાં ભારતના બંધારણમાં નિહિત મૂળભૂત ફરજો અને મૂલ્યો પ્રત્યે અત્યંત આદરની ભાવના વિકસાવે,તેમજ સતત પરિવર્તનશીલ વિશ્વ અને દેશના પરિપ્રેક્ષ્યમાં પોતાની જવાબદારીઓ અને ભૂમિકાઓ પ્રત્યે તેમને સભાન બનાવે અને સાથેસાથે તેઓ દેશ સાથેનું પોતાનું વ્યક્તિગત તાદત્મ્ય અનુભવે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભારતના વિદ્યાર્થીઓમાં ભારતીય હોવાની એક ઊંડા ગૌરવની ભાવના કેળવવા માગે છે,માત્ર વિચારોમાં જ નહીં પરંતુ મન, વચન અને કર્મમાં સદૈવ આ ભાવના જળવાઈ રહેવી જોઈએ તેમજ એવા કૌશલ્યો, જ્ઞાન, મૂલ્યો અને મનોવલણોનો વિકાસ કરવો કે જેથી તે માનવ અધિકારો, સાતત્યપૂર્ણ વિકાસ અને વિશ્વબંધુત્વ જેવા સંવેદનશીલમુદ્દાઓ પ્રત્યે જવાબદારીપૂર્ણ પ્રતિબદ્ધતા કેળવે અને સાચા અર્થમાં વિશ્વ માનવ બને.

# વિભાગ - I. શાળા શિક્ષણ

આ નીતિ વર્તમાન શાળા શિક્ષણના ૧૦+૨ ના માળખાને ૩-૧૮ વર્ષ નાં વિદ્યાર્થીઓ માટે નવા અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રના આધાર પર ૫+ ૩+ ૩+૪ ની નવી વ્યવસ્થા માં પુનઃગઠિત કરવાનો નિર્દેશ કરે છે જે નીચેની આકૃતિમાં દર્શાવેલ છે અને તેની વિસ્તૃત સમજ પ્રકરણ ૪ માં આપવામાં આવી છે.